ક્રમાંક: મપટ/ISC8/ભરતી/૨૦૨૧/ 333 /1249
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ડા. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૧૨/૨, જૂ.સ., ગાંધીનગર
તા. 16 7 ૨૦૨૧

પ્રતિ
આચાર્યશ્રી,
શ્રી સાર્વજનિક કોલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા

વિષય : બિનસરકારી અનુદાનિત કોલેજમાં કેન્દ્રિયકૃત ધોરણે અધ્યાપક સહાયકની ખાલી જગ્યા ભરવા એન.ઓ.સી. આપવા બાબત

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગના તા.૨૫.૦૮.૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: એનઓસી/૧૧૦૪/૧૬૫૭/ખ, તથા સમાનાંકિ તા.૨૮.૦૩.૨૦૦૬, તા.૧૬.૦૬.૨૦૦૮, અને તા.૧૫.૦૬.૨૦૧૦

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: સીબીસી એસ/૨૬૨૦૧૧-૯૧૮/ખ તા.૧૧.૦૪.૨૦૧૧

(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૨૬૧૦/૧૦૫૫-૯૧૮/ખ તા.૦૭.૦૬.૨૦૧૧

(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ તા.૧૪.૦૯.૨૦૧૧

(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ તા.૧૪.૧૧.૨૦૧૧

(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ તા.૦૪.૦૪.૨૦૧૭

(૭) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૨/૧૯૩૯/ખ તા.૨૭.૦૭.૨૦૧૭

(૮) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ, તા.૧૬.૦૮.૨૦૧૭

(૯) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ, તા.૧૮.૦૫.૨૦૧૮

(૧૦) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીનુ નોટીફીકેશન, તા.૧૮.૦૭.૨૦૧૮

(૧૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૧૮/૧૯૨/ખ, તા.૦૧.૦૨.૨૦૧૯

(૧૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૦૧૯/CHE-૭૬૮/ખ, તા.૨૩.૧૨.૨૦૧૯

(૧૩) સંસ્થાની એન.ઓ.સી.ની માંગણી દરખાસ્ત નંબર: 876 તા. 12/6/21 સંચાલક મંડળનુ તા. 12/6/21 નુ સોગંદનામુ/એકરારનામુ અને આચાર્યશ્રીનું તા. 12/1/21 નુ પ્રમાણપત્ર

ઉપરોક્ત વિષય પરત્વે સંદર્ભ: ૧ થી ૧૨ પરની બાબતો લક્ષમા લેતા આપની સંસ્થામા શૈક્ષણિક જગ્યાઓ, સંદર્ભ: (૭) દર્શિત ઠરાવ મુજબ અધ્યાપકના મૃત્યુ, નિવૃતિ, કે રાજીનામાના કારણોસર ખાલી પડેલ જગ્યા ભરવા માંગણીના સંદર્ભમાં નીચેના પત્રકમાં જણાવ્યા પ્રમાણેના વિષયના સંદર્ભ: (૧) દર્શિત તા.૨૫.૦૮.૨૦૦૫ ના ઠરાવની જોગવાઇ મુજબ "અધ્યાપક સહાયક"ના નામાભિધાનથી મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાઓ કેન્દ્રિયકૃત ભરતી પ્રક્રિયા દ્વારા ભરવા માટે એન.ઓ.સી. આપવામા આવે છે. આ એન.ઓ.સી. અત્રેની કચેરીના તા.૧૮.૦૨.૧૯૮૫ ના પરિપત્ર ક્રમાંક: ઉબક/ર સ્પલસ/ક/૧૭૫૩/૧૯૭૫ ની જોગવાઇ મુજબ જ્યા સુધી વર્કલોડ તથા વિદ્યાર્થીઓની સંખ્યા જળવાઇ રહે ત્યા સુધી નીચેની શરતોનું પાલન કરવાની શરતે આ સાથેના બિડાણ મુજબની એન.ઓ.સી.આપવામાં આવે છે

<u>શરતો:</u>

(૧) આ એન.ઓ.સી. સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ, તા.૧૪.૦૯.૨૦૧૧ની જોગવાઇ અન્વયે કેન્દ્રિયકૃત ભરતી ધોરણે પ્રકિયા કરી "અધ્યાપક સહાયક" ના નામ ભિધાનથી થી મદદનીશ પ્રાધ્યાપકની ખાલી જગ્યાઓ ભરવા માટે છે. આ સિવાય અન્યથા કોઇ રીતે ભરતી પ્રકિયા કરી શકાશે નહીં.

(૨) આ એન.ઓ.સી. સંદર્ભ: (૧૩) મા જણાવેલ કોલેજ દ્વારા રજુ કરવામાં આવેલ જે તે વિષયના કાર્યભારની વિગતો, સંચાલક મંડળનુ સોગંદનામુ/એકરારનામુ તેમજ કોલેજના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર તથા રોસ્ટર રજીસ્ટરની વિગતોને ધ્યાને લઇ આપવામાં આવે છે. આ બાબતે કોઇ પણ વિસંગતતા ઉભી થાય તો આપેલ એન.ઓ.સી. રદ કરવામાં આવશે.

(૩) મંજુર કરેલ જગ્યાની ભરતી માટે યુજી.સી. અને આ કચેરીના વખતોવખત ના પરિપત્ર તથા સરકારશ્રીના ઠરાવો મુજબની પધ્ધતિનો સંપૂર્ણપણે અમલ કરવાનો રહેશે.

(૪) મંજુર કરેલ અધ્યાપક સહાયકની જગ્યાનો કાર્યભાર જે તે વિષયમા પ્રવર્તમાન ગ્રાન્ટના ધોરણને આધિન રહીને સંસ્થાના કાર્યરત/ચાલુ શૈક્ષણિક સ્ટાફને મહત્તમ કાર્યભાર સોપ્યા બાદ ખરેખર વર્કલોડ સોપ્યા વગરનો બાકી રહેવો જોઇએ.

(૫) વિદ્યાર્થીઓની સંખ્યા, પ્રવેશ રદ અને વિષય બદલવાની અરજીઓ ધ્યાનમાં લીધા પછી જ ખરેખર કાર્યભાર ગણત્રી કર્યા બાદ જ નિમણુંક આપવાની રહેશે તથા હાજર કરવાના રહેશે. આ બાબતે કોલેજના આચાર્યશ્રી તથા સંચાલક મંડળની સંપૂર્ણ જવાબદારી ગણાશે.

(૬) આ એન.ઓ.સી. હેઠળની જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત તથા અનુભવ વખતો વખતના આનુષાંગિક ઠરાવોમાં કરવામા આવેલ જોગવાઇ અનુસાર તથા સંદર્ભ: (૧૦) દર્શિત યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, ન્યુ દિલ્હીના રેગ્યુલેશન-૨૦૧૮, તા.૧૮.૦૭.૨૦૧૮ ના નોટીફિકેશનથી નક્કી થયેલ ધારા ધોરણો મુજબ રહેશે અને તેમાં જણાવ્યા મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારની પસંદગી "અધ્યાપક સહાયક" તરીકે કરવાની રહેશે. અન્યથા મંજુર કરેલ જગ્યાના પગાર ભથ્થા ગ્રાન્ટને પાત્ર રહેશે નહીં.

(૭) આ એન.ઓ.સી. હેઠળની જગ્યાની ભરતીમાં રાજય સરકારે નક્કી કરેલ ભરતી પધ્ધતિનો અમલ કરવાનો હોઇ, શિક્ષણ વિભાગના તા.૧૪.૦૯.૨૦૧૧ના ઠરાવમાં અને ત્યારબાદ સંદર્ભ: (૧૧) દર્શિત તા.૨૩.૧૨.૨૦૧૯ ના ઠરાવમાં કરેલ જોગવાઇઓનુ પાલન કરીને સિલેકશન કમિટી દ્વારા નિયત ગુણાંકન પધ્ધતિના આધારે ઉમેદવારની પસંદગી કરવાની રહેશે.

(૮) નિમુણંકને પૂર્વ મજુરી/વહીવટી મંજુરી આ કચેરીના તા.૨૬.૦૬.૧૯૮૯ ના પરિપત્ર ક્રમાંક : ઉબક/સરપ્લસ/ક.૧/૮૯-૯૦/૧૧૦૮૧/૨૭૦ મા જણાવ્યા મુજબના સાધનિક પત્રકો/કાગળો તથા વરણી સમિતિના ગુણાંકન પત્રકો(સભ્યદીઠ) તેમજ તેનુ એકદર પત્રક તથા રોજકામની નકલ વગેરે દરખાસ્તમાં અચુક સામેલ રાખવાના રહેશે.

(૯) શિક્ષણ વિભાગના તા.૦૬.૧૦.૧૯૯૮ના ઠરાવ ક્રમાંક : ગમન /૧૨૯૮/૨૮૫૩૫/ગ, અન્વયે ગ્રાન્ટ ઇન એઇડ શૈક્ષણિક સંસ્થાઓમાં રાજય સરકાર તથા સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મજુરી/ભલામણ સિવાય નિમણુક નહી કરવાની જોગવાઇ મુજબ તે અંગેના આ કચેરીના તા.૦૨.૦૧.૧૯૯૯ ના પરિપત્ર ક્રમાંક. ઉબક/ડીપી/વ.૨)ક/૯૮-૯૯/૨૦૦૮/૪૨૩ ની સુચના મુજબ વરણી સમિતીએ પસંદ કરેલ ઉમેદવારની નિમણુકની પૂર્વમજુરી/ ભલામણ પત્ર આ કચેરીએથી મેળવ્યા બાદ જ નિમણુક હુકમ આપવાનો રહેશે.

(૧૦) ઉમેદવારની નિમણુક યુનિવર્સિટી તરફથી પ્રવેશ મજુરી અને અધ્યાપક સહાયક તરીકેની મજુરી મળ્યા બાદ અત્રેની કચેરીના તા.૦૬.૧૦.૧૯૯૮ના ઠરાવ અને તા.૦૨.૦૧.૧૯૯૯ના પરિપત્ર અન્વયે આપેલ પૂર્વ મંજુરી અને વહીવટી મંજુરીને આધિન જ પગારભથ્થા કોલેજે આકારવાના રહેશે અન્યથા કોલેજ દ્વારા ચુકવાયેલ એડહોક પગારભથ્થાની જવાબદારી આ કચેરીની રહેશે નહી.

(૧૧) આ એન.ઓ.સી. હેઠળ પસંદગી પામનાર "અધ્યાપક સહાયક"ની અત્રેની કચેરીની પૂર્વમજુરી બાદ સંસ્થાએ આપેલ નિયુક્તિ સરકારશ્રીના વખતોવખતના ધોરણો અનુસાર પગારભથ્થા અને સેવાની શરતોને આધીન રહેશે.

(૧૨) આ કોલેજમાં વિદ્યાર્થીની સંખ્યા ઘટે અથવા અન્ય કોઇ કારણોસર કોલેજ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણુક પામેલ "અધ્યાપક સહાયક"ને છુટા કરવાના રહેશે. અને તેમને સંદર્ભ (૧) દર્શિત તા.૨૫.૦૮.૨૦૦૫ ના ઠરાવની જોગવાઇ મુજબ ફાજલનુ રક્ષણ મળવાપાત્ર રહેશે નહી પરંતુ જો તે કોલેજમાં તેના વિષયની જરૂરિયાત પુન: ઉભી થાય તો આવા છુટા કરેલ ઉમેદવારને પુન: તે જ કોલેજમાં પુન: નિયુક્તિ કરી શકાશે અને આવી નિમણુક તદ્દન નવી ગણાશે.

(૧૩) સંબંધિત કોલેજે જે વિષયમાં એન.ઓ.સી. મેળવવા માટેની દરખાસ્ત કરેલ હોય અને તે વિષયમાં અત્રેની કચેરી દ્વારા ફાજલ વ્યાખ્યાતાને ફાળવવામાં આવેલ હોય તો તે વિષયની એન.ઓ.સી. આપોઆપ રદ ગણાશે. ઉપરાંત અત્રેની કચેરી દ્વારા જે તે વિષયમાં ફાજલ અધ્યાપકને સમાવવાના થાય તો તેવા અધ્યાપકને કોલેજે સમાવવાના રહેશે અને તે સમયે કોલેજને આપેલ એન.ઓ.સી. રદ ગણાશે.

(૧૪) અત્રેની કચેરી દ્વારા યોજવામાં આવેલ કેમ્પ સમયે સંસ્થાના આચાર્યશ્રી દ્વારા જગ્યા ભરવા માટે રજુ કરવામાં આવેલ દરખાસ્તમાં જે વિષયના એન.ઓ.સી.ની માગણી માટે દરખાસ્ત કરેલ છે તે વિષયમાં કોલેજ દ્વારા કોઇ અધ્યાપકને સ્થાયિક કરવામાં આવેલ નથી તેવુ રજુ કરેલ પ્રમાણપત્ર ધ્યાને લઇ આ એન.ઓ.સી. આપવામાં આવે છે.

(૧૫) આ એન.ઓ.સી. હેઠળની નિમણુક અંગે આ કચેરી દ્વારા અગાઉ આપેલ પ્રવર્તમાન સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૬) આ એન.ઓ.સી. કોઇ કોર્ટ કેસ/લીટીગેશન હોય તો તેમા પસાર થનાર આદેશો પરત્વે સરકારશ્રી કક્ષાએથી લેવાયેલ નિર્ણયોને આધીન રહેશે.

(૧૭) ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩.૦૮.૨૦૦૮ તેમજ તા.૧૮.૦૩.૨૦૧૬ ના ઠરાવથી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનુ બેઝીક નોલેજ ધરાવતા હોવા જોઇશે.

(૧૮) આ અગાઉ વર્ષ ૨૦૨૦ માહે ડીસેમ્બર દરમ્યાન એન.ઓ.સી. આપવામાં આવેલ હોય તો, તે રદ ગણવામાં આવશે અને આ પત્ર સાથેની જ એન.ઓ.સી. માન્ય ગણવામાં આવશે.

નાયબ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુજ. રા. ગાંધીનગર

બિડાણ - એન.ઓ.સી.નુ વિગત વાર પત્રક

NOC/CHE/2021/GCC-G

E -GYAN NO. 333

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા. 16/6/21 ના પત્રાંક - કપર/ISCB/ ભરતી/ ૨૦૨૧ / 249 સાથેનું બિડાણ

કોલેજનું નામ: શ્રી સાર્વજનિક કોલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા

| ક્રમ | વિષય | કેટેગરી | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એસ.સી. | | એસ.ટી. | | ઓ.બી.સી. | | પી.એચ. | | ઇ.ડબ્લ્યુ.એસ. | | ઓપન | | કુલ | |
| | | G | F | G | F | G | F | G | F | G | F | G | F | G | F |
| 1 | MATHS METHOD | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 0 |
| 2 | SOCIAL SCIENCE METHOD | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 |

નોંધ: 'G' એ મહિલા અને પુરૂષ માટે સંયુક્ત રીતે જગ્યાનો પ્રકાર દર્શાવે છે. અને 'F' ફક્ત મહિલા ઉમેદવારો માટે નિર્દેશિત કરે છે.

નાયબ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.